# જનરેશન ન્યુ એરાનો ભાગ બનો

# અભ્યાસ માટે તમારી માર્ગદર્શિકા

## વિષયવસ્તુ

Contents .......... 1

ABOUT THE STUDY .......... 3

- What is Generation New Era? .......... 3
- How will it make a difference? .......... 3
- What sort of study is Generation New Era? .......... 3
- Who runs the study? .......... 4
- How was your family chosen for the study? .......... 4
- Why do we want to hear from you? .......... 4
- Which family members are invited to take part? .......... 5
- What if you live apart from your baby's other parent? .......... 5
- Want to find out more about the study and why you should take part? .......... 5

WHAT'S INVOLVED? .......... 6

- What happens next? .......... 6
  - Do both parents have to take part? .......... 6
  - Which parent will do which interview? .......... 6
  - What will I get for taking part? .......... 7
- What will we be asking about? .......... 7
- Want to find out more about what's involved? .......... 8

ADDING INFORMATION .......... 9

- Information from administrative records .......... 9
  - Which administrative records would we like to add? .......... 9
  - Who decides about adding administrative records? .......... 9
  - How will information from administrative records be used? .......... 9

Information about where you live....................10
LOOKING AFTER YOUR INFORMATION....................11
Who has approved this research? ....................11
What will happen to the information you give?....................11
What if you choose not to take part, or withdraw from the study? ....................11
Who is responsible for the study information?....................12
What if taking part in Generation New Era leaves you concerned about something in your life? ....................12
Have a question about the study?....................13

# અભ્યાસ વિશે

## જનરેશન ન્યુ એરા શું છે?

**જનરેશન ન્યુ એરા એ 2022 માં જન્મેલા હજારો બાળકો અને તેમના પરિવારોનો એક ગ્રાઉન્ડબ્રેકિંગ વૈજ્ઞાનિક અભ્યાસ છે.** દરેક બાળક ખાસ હોય છે, પરંતુ આજે જન્મેલા બાળકો એક વિશિષ્ઠ પ્રકારની પેઢીના છે. રોગચાળો અને જીવનનિર્વાહ ખર્ચની કટોકટી તમારા જેવી માતાઓ અને પિતાઓ માટે, તમારા બાળકો અને તમારા ભવિષ્ય માટે અનન્ય પડકારો લઈને આવી છે.

## તેનાથી કેવી રીતે ફરક પડશે?

જનરેશન ન્યુ એરા **આપણી બદલાતી દુનિયામાં ઉછરી રહેલા બાળકોના સ્વાસ્થ્ય અને વિકાસ માટે મહત્વપૂર્ણ નવી સમજ**આપશે અને યુકેમાં બાળકો અને પરિવારોના જીવનને સુધારવા માટે સંશોધકો, સરકારો અને સેવા પ્રદાતાઓને મદદ કરશે.

## જનરેશન ન્યુ એરા કયા પ્રકારનો અભ્યાસ છે?

જનરેશન ન્યુ એરા એ જન્મના સમૂહનો અભ્યાસ છે. આ અભ્યાસો બાળકના જન્મથી લઈ તેના જીવન દરમ્યાન અનુસરાય છે. **તેઓ દર્શાવે છે કે બાળકો કેવી રીતે મોટા થાય છે અને વિકાસ કરે છે અને બાળપણના અનુભવો પછીના જીવન પર કેવી રીતે અસર કરે છે**.

જનરેશન ન્યુ એરા જેવા અભ્યાસોના તારણો દ્વારા આજે માતા-પિતાને લાભ આપતા કેટલાંક સરકારી પગલાંની જાણ કરવામાં આવી છે. આમાં પ્રસૂતિ રજાને એક વર્ષ સુધી લંબાવવી, વૈધાનિક પ્રસૂતિ વેતનનો સાપ્તાહિક દર વધારવો અને બે અઠવાડિયાની પેઇડ પિતૃત્વ રજાનો સમાવેશ થાય છે. તમે અમારી સ્ટડી વેબસાઈટ પર જન્મના સમૂહ અભ્યાસોએ કેવી રીતે ફરક પાડ્યો છે તે વિશે વધુ જાણી શકો છો.

1946, 1958, 1970 અને 2000 માં જન્મેલા લોકોના રાષ્ટ્રીય અભ્યાસ સાથે,**આ પ્રકારના સંશોધનમાં યુકે વિશ્વ અગ્રણી છે**.

અમે આ સમૂહ અભ્યાસમાં ભાગ લેનારાઓને પૂછ્યું કે તેઓ શા માટે ભાગ લેવાનો આનંદ માણે છે. જન્મ અભ્યાસ સમૂહમાંથી એક સહભાગીએ જણાવ્યું હતું કે '"તેનો ભાગ બનવું રસપ્રદ છે... પસંદ થવા બદલ ખાસ હોવાની અનુભૂતિ થાય છે."

જનરેશન ન્યુ એરાનો ભાગ બનીને, તમે UK પરિવારો માટે **ભવિષ્ય ઘડવામાં મદદ** કરી શકો છો.

## અભ્યાસ કોણ ચલાવે છે?

**યુનિવર્સિટી કોલેજ લંડન (UCL)**ખાતે સેન્ટર ફોર લોન્ગીટ્યુડીનલ સ્ટડીઝ (CLS) અભ્યાસની જવાબદારી સંભાળે છે. CLS એ યુકેનું અગ્રણી જન્મ અભ્યાસ સમૂહ સંશોધન કેન્દ્ર છે. UCL વિશ્વની અગ્રણી યુનિવર્સિટીઓમાંની એક છે.

અભ્યાસ ટીમમાં વેલ્સની સ્વાનસી યુનિવર્સિટી, સ્કોટલેન્ડની એડિનબર્ગ યુનિવર્સિટી અને ઉત્તરી આયર્લૅન્ડમાં અલ્સ્ટર યુનિવર્સિટીનો પણ સમાવેશ થાય છે.

**Ipsos** જનરેશન ન્યુ એરા (ipsos.com) માટે ઇન્ટરવ્યુ લઈ રહ્યું છે. Ipsos એક સ્વતંત્ર સંશોધન સંસ્થા છે જે માર્કેટ રિસર્ચ સોસાયટી આચાર સંહિતાના નિયમોનું પાલન કરે છે.

જનરેશન ન્યુ એરાને આર્થિક અને સામાજિક સંશોધન પરિષદ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે, જે યુકેના સામાજિક સંશોધનના અગ્રણી શૈક્ષણિક ભંડોળઅને યુકે સંશોધન અને નવીનતાનો ભાગ છે.

## અભ્યાસ માટે તમારા પરિવારની પસંદગી કેવી રીતે કરવામાં આવી?

સરકારી વિભાગો અને જાહેર આરોગ્ય એજન્સીઓ દ્વારા રાખવામાં આવેલા જન્મના રેકોર્ડમાંથી તમારા પરિવારની પસંદગી યાર્દચ્છીક રીતે કરવામાં આવી હતી. આ સંસ્થાઓએ જનરેશન ન્યુ એરાને તમારું નામ, સરનામું અને તમારા અને તમારા બાળક વિશે વધારાની માહિતી પૂરી પાડી છે. આને મંજૂરી આપવા માટે દરેક દેશ માટે વિશેષ સમિતિઓ દ્વારા આને મંજૂરી આપવામાં આવી છે.
અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ દરેક પરિવાર અનન્ય છે અને અમે તમને બીજા કોઈની સાથે બદલી શકીએ નહીં.

## શા માટે અમે તમારી પાસેથી સાંભળવા માંગીએ છીએ?

**તમારા બાળક અને તમારા પરિવાર જેવું કોઇ નથી.** અભ્યાસના તારણોને તમામ પ્રકારના પરિવારોને લાભ મળે તે માટે, અમારે તમારા સહિત યુકેના તમામ રાષ્ટ્રો અને પ્રદેશોમાં ઘણાં વિવિધ કુટુંબો પાસેથી સાંભળવું જરૂરી છે.

તમામ પૃષ્ઠભૂમિ અને સંસ્કૃતિના કુટુંબો અને તમામ પ્રકારના બાળકોનો સમાવેશ કરીને, અમે આ પેઢીના જીવનનું સંપૂર્ણ ચિત્ર બનાવી શકીએ છીએ અને દરેકને સાંભળવાની તક આપી શકીએ છીએ.

## પરિવારના કયા સભ્યોને ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે?

**અમે દરેક બાળકના જીવનનું સંપૂર્ણ ચિત્ર બનાવવામાં મદદ કરવા માટે માતા અને પિતા પાસેથી સાંભળવા માંગીએ છીએ**. બાળકોના જીવનમાં પિતા અને માતા મહત્વપૂર્ણ છે. માતા-પિતા તેમના બાળક વિશે જુદા જુદા મંતવ્યો અને અનુભવો ધરાવતા હોઇ શકે છે.

માતા-પિતા સાથે રહેતા સાથીને પણ ભાગ લેવા માટે આમંત્રિત કરી શકાય છે.

## જો તમે તમારા બાળકના અન્ય માતાપિતાથી અલગ રહેતા હોવ તો શું?

**અમે માતાઓ અથવા પિતાનો સમાવેશ કરવા માંગીએ છીએ જેઓ તેમના બાળકના અન્ય માતાપિતાથી અલગ રહે છે,** માતા-પિતા વચ્ચેના સંબંધો ગમે તે હોય અને તેમના બાળક સાથે તેમની કોઈપણ સંડોવણી હોય.

**દરેક માતા-પિતાનો અલગથી ઇન્ટરવ્યુ લેવામાં આવશે**. તમારા બાળકને હાજર રહેવાની જરૂર નથી.

અમે દરેક માતાપિતાને ભાગ લેવા માટે આમંત્રિત કરવા માટે, જો ઉપલબ્ધ હોય, તો જન્મના રેકોર્ડમાંથી માહિતીનો ઉપયોગ કરીશું. અમે દરેક માતાપિતાને અન્ય માતાપિતાની સંપર્ક વિગતો પણ પૂછીશું, જે તેઓ ઇચ્છે તો આપી શકે છે. આ વિગતોનો ઉપયોગ ફક્ત આ અભ્યાસ વિશે અન્ય માતાપિતાનો સંપર્ક કરવા માટે કરવામાં આવશે.

**તમારી ભાગીદારી અને સર્વેક્ષણના પ્રતિભાવો સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવશે**. આનો અર્થ એ છે કે અમે તમારા બાળકના અન્ય માતાપિતાને તમે પ્રદાન કરેલી કોઈપણ માહિતી વિશે અથવા તમારા સરનામા સહિત તમારા સંજોગો વિશે કહીશું નહીં.

જો તમે ઈચ્છો છો કે અમે તમારા બાળકના અન્ય માતાપિતા સાથે વધુ સંપર્ક ન કરીએ અથવા જો તમને આ અંગે કોઇ ચિંતા હોય, તો કૃપા કરીને અમારો 0800 151 0610 પર સંપર્ક કરો અથવા gnestudy@ipsos.com .

## અભ્યાસ વિશે વધુ જાણવા માંગો છો અને તમારે શા માટે ભાગ લેવો જોઈએ?

gnestudy.info/why-take-part ની મુલાકાત લો

# શું સામેલ છે?

## હવે શું થશે?

1) **તમે ભાગ લેવા માગો છો કે કેમ તે જાણવા માટેએક સંપૂર્ણ પ્રશિક્ષિત ઇન્ટરવ્યુઅર**તમારા સરનામાં પર કૉલ કરશે. તેઓ તમારા કોઈપણ પ્રશ્નોના જવાબ આપવા માટે ખુશ થશે. ઇન્ટરવ્યુ**લેનાર હંમેશા ફોટો ID સાથે રાખશે**. જો તમે બહાર હોવ અથવા તે અનુકૂળ ન હોય, તો ઇન્ટરવ્યુઅર વધુ સારા સમયે પાછા આવશે.
2) જો તમે ભાગ લેવાનું નક્કી કરો છો, તો ઇન્ટરવ્યુઅર **તમારા ઇન્ટરવ્યુ માટે તમારા માટે યોગ્ય દિવસ અને સમય ગોઠવશે.**
3) અમે ઇચ્છીએ છીએ કે એક માતા-પિતા ઇન્ટરવ્યુઅર સાથે રૂબરૂમાં **60-મિનિટનો ઇન્ટરવ્યુ** પૂર્ણ કરે.
4) અમે ઇચ્છીએ છીએ કે અન્ય માતા-પિતા અલગ **30-40 મિનિટનો ઇન્ટરવ્યુ પૂર્ણ કરે.** આ ઈન્ટરવ્યુઅર સાથે રૂબરૂમાં અથવા ઓનલાઈન, બેમાંથી જે શ્રેષ્ઠ હોય તે રીતે કરી શકાય છે. અમે ક્યારેક ટેલિફોન દ્વારા પણ આ કરી શકીએ છીએ.
5) **ભાગ લેનાર દરેક વ્યક્તિ તેમના સમય બદલ આભાર રૂપે વાઉચર મેળવશે.**

ઇન્ટરવ્યુઅર વિવિધ સમુદાયો, પરિસ્થિતિઓ અને વિવિધ પ્રકારના કુટુંબના માતા અને પિતા સાથે વાત કરવા માટે ટેવાયેલા છે. ઇન્ટરવ્યુ અન્ય ભાષાઓમાં લઇ શકાય છે. અન્ય ભાષાઓમાં આ પુસ્તિકા અને વધુ અભ્યાસ માહિતી મેળવવા માટે, કૃપા કરીને અમારી વેબસાઇટની મુલાકાત લો.

## શું બંને માતા-પિતાએ ભાગ લેવો પડશે?

અમે આશા રાખીએ છીએ કે બંને માતા-પિતા ભાગ લેશે, પરંતુ તે તમારા દરેક પર નિર્ભર છે કે તમે તમારો પોતાનો નિર્ણય લો.

## કયા માતાપિતા કયો ઇન્ટરવ્યુ કરશે?

લાંબો ઇન્ટરવ્યુ સામાન્ય રીતે માતાપિતા દ્વારા લેવામાં આવશે જે બાળક સાથે મોટાભાગનો સમય વિતાવે છે. બીજો ઇન્ટરવ્યુ ટૂંકો છે કારણ કે અમારે બાળક અથવા ઘર દીઠ માત્ર એક જ વાર કેટલાક પ્રશ્નો પૂછવાની જરૂર છે. તે તમારી પસંદગી છે.

## મારો ફરી ઇન્ટરવ્યુ ક્યારે થશે?

અમે તમને દર થોડા વર્ષે ભાગ લેવા માટે આમંત્રિત કરવાની આશા રાખીએ છીએ કે તમારું બાળક જેમ-જેમ મોટું થાય છે તેમ-તેમ તેઓ કેવી રીતે આગળ વધે છે. તમે ભાગ લેવા માંગો છો કે નહીં તે નક્કી કરવાનું હંમેશા તમારા પર રહેશે.

## ભાગ લેવાથી મને શું મળશે?

ભાગ લેનાર દરેક માતા-પિતાને તેમના સમય બદલ આભાર રૂપે એક **હાઈ સ્ટ્રીટ વાઉચર પ્રાપ્ત થશે**. દરેક વ્યક્તિ જે ભાગ લે છે તે મહત્વપૂર્ણ અભ્યાસના તારણો વિશે નિયમિત અપડેટ મેળવશે.

## અમે શેના વિશે પૂછીશું?

અમે **તમારા બાળકના** સ્વાસ્થ્ય અને વૃદ્ધિ, વર્તન અને વિકાસ, ઊંઘ, આહાર અને **તમે તમારા બાળક સાથે કરી શકો તે પ્રવૃત્તિઓ**વિશે પૂછીશું. જો તમને બે, ત્રણ અથવા વધુ બાળકો હોય, તો દરેક બાળક વિશે કેટલાક પ્રશ્નોનું પુનરાવર્તન કરવામાં આવશે.

અમે **માતા કે પિતા તરીકે તમારા અનુભવો**વિશે પૂછીશું : તમારું ઘર અને કુટુંબ; તમારી કામની સ્થિતિ; તમારું આરોગ્ય અને સુખાકારી; તમારો વાલીપણાનો અભિગમ અને તમારા બાળક સાથેનો સંબંધ; તમારા જીવનમાં લોકો તરફથી તમને જે ટેકો મળે છે; તમે અથવા તમારું બાળક ઉપયોગ કરો છો તે કોઈપણ સેવાઓ; અને કોઈપણ બાળ સંભાળ વ્યવસ્થા.

અમે **તમારા અને તમારા પરિવાર**વિશે પણ કેટલાક પ્રશ્નો પૂછીશું, જેમાં તમારી પાસેના અન્ય બાળકો, કુટુંબની નાણાકીય બાબતો અને તમે ક્યાં રહો છો તે શામેલ છે. આમાં તમારા બાળકના અન્ય માતાપિતા અને કોઈપણ સાથીઓ વિશે કેટલીક મુખ્ય માહિતી સામેલ હશે.

તમારું જીવન કેવું છે અને તમે માતાપિતા તરીકે કેવું અનુભવો છો તે જાણવું તમારા બાળકના જીવનનું સંપૂર્ણ ચિત્ર બનાવવા માટે મહત્વપૂર્ણ છે.

તમે જવાબ આપવા માંગતા ન હોય તેવા કોઈપણ પ્રશ્નો તમે છોડી શકો છો. વ્યક્તિગત ઇન્ટરવ્યુ દરમિયાન, કેટલાક પ્રશ્નોના જવાબ ઇન્ટરવ્યુઅરના કમ્પ્યુટર પર ખાનગી રીતે આપવામાં આવે છે.

## શું સામેલ છે તે વિશે વધુ જાણવા માંગો છો?

કૃપા કરીને મુલાકાત લો gnestudy.info/whats-involved

# માહિતી ઉમેરી રહ્યા છીએ

## વહીવટી રેકોર્ડમાંથી માહિતી

સરકારી વિભાગો અને એજન્સીઓ, જેમ કે NHS, યોજના બનાવવામાં અને સેવાઓ પ્રદાન કરવામાં મદદ કરવા માટે અમારા બધા વિશે નિયમિત રીતે વહીવટી રેકોર્ડ એકત્રિત કરે છે.

**અમે તમારા અભ્યાસ પ્રતિસાદોમાં તમારા અને તમારા બાળક વિશેના વહીવટી રેકોર્ડમાંથી માહિતી ઉમેરવા માંગીએ છીએ**. આ અભ્યાસને સંશોધકો અને નીતિ નિર્માતાઓ માટે વધુ ઉપયોગી બનાવે છે, જેઓ આ માહિતીનો ઉપયોગ દરેક માટે જાહેર સેવાઓને બહેતર બનાવવા માટે કરશે.

## અમે કયા વહીવટી રેકોર્ડ ઉમેરવા માંગીએ છીએ?

અમે તમારા અને તમારા બાળક માટે **આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સંભાળના રેકોર્ડમાંથી** માહિતી ઉમેરવા માંગીએ છીએ. આ રેકોર્ડ્સ શું આવરી લે છે તે જાણવા માટે, કૃપા કરીને અભ્યાસ વેબસાઇટની મુલાકાત લો. માહિતી તમારા અને તમારા બાળકના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના સંજોગો સાથે સંબંધિત છે. અમે આ રેકોર્ડ્સમાંથી અભ્યાસના સમયગાળા માટે સતત ધોરણે માહિતી ઉમેરવા માંગીએ છીએ.

## વહીવટી રેકોર્ડ ઉમેરવાનો નિર્ણય કોણ લે છે?

તમારા અભ્યાસના પ્રતિભાવોમાં આમાંથી કયો રેકોર્ડ ઉમેરવો **તે તમારી પસંદગી છે**. **ઇન્ટરવ્યુઅર તમને આ વિશે વધુ જણાવશે**, અને તમે કોઈપણ સમયે તમારો વિચાર બદલી શકો છો.

તમે તમારા બાળકના રેકોર્ડમાંથી માહિતી ઉમેરવા વિશે તેમના અન્ય માતા-પિતા સાથે ચર્ચા કરવા ઇચ્છી શકો છો. અમે ફક્ત તે જ માતા-પિતાને પૂછીશું કે જેઓ આ વિશે લાંબું ઇન્ટરવ્યુ આપે છે.

**જો તમે આ કરવા નથી માંગતા, તો પણ તમે અભ્યાસમાં ભાગ લઈ શકો છો.**

## વહીવટી રેકોર્ડમાંથી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે?

તેનો ઉપયોગ માત્ર સંશોધન હેતુઓ માટે જ થશે. વહીવટી રેકોર્ડમાંથી માહિતી ઉમેરવાથી તમારી અથવા તમારા બાળકની સેવાઓ, અધિકારો, સારવાર અથવા કોઈપણ સ્વાસ્થ્ય વીમાને અસર થશે નહીં. તે તમારા લાભો અથવા કરને અસર કરશે નહીં. માહિતી ઉમેરવાથી જનરેશન ન્યુ એરા તમારા જીવનનું વધુ સંપૂર્ણ ચિત્ર બનાવવામાં મદદ કરશે.

વહીવટી રેકોર્ડમાંથી માહિતી ઉમેરવા વિશેનો અમારો વિડિઓ અહીં જુઓ: gnestudy.info/whats-involved/adding-more-information-about-you.

આ પુસ્તિકાના આગળના વિભાગમાં અને અભ્યાસ વેબસાઇટ પર જનરેશન ન્યુ એરા તમારી માહિતીની સંભાળ કેવી રીતે રાખશે તે શોધો.

## તમે ક્યાં રહો છો તેની માહિતી

તમે જ્યાં રહો છો તે **સ્થાનિક વિસ્તાર અથવા મિલકત** વિશે પણ અમે માહિતી ઉમેરીશું. આમાં વાયુ પ્રદૂષણ સ્તર, હરિયાળી જગ્યાઓ, સ્થાનિક સુવિધાઓ, તમારા ઘરની ઊર્જા કાર્યક્ષમતા જેવી માહિતી હોઈ શકે છે. આપણે જ્યાં રહીએ છીએ તે જીવનના ઘણા પાસાઓ પર ભારે પ્રભાવ પાડે છે, તેથી તમે ક્યાં રહો છો અને તમારા સ્થાનિક વિસ્તાર વિશે વધુ સમજવું સંશોધન માટે ખૂબ જ ઉપયોગી છે. અવારનવાર, આ ભૌગોલિક માહિતી **સાર્વજનિક રૂપે ઉપલબ્ધ**હોય છે. અમે અભ્યાસમાં ભાગ લેનારા દરેક માટે આ કરવાની યોજના બનાવીએ છીએ, પરંતુ જો તમે ઇચ્છો છો કે અમે આવું ન કરીએ, તો કૃપા કરીને આ પુસ્તિકાની પાછળની વિગતોનો ઉપયોગ કરીને અમને જણાવો.

# તમારી માહિતી જોયા પછી

## આ સંશોધનને કોણે મંજૂરી આપી છે?

આ સંશોધનની સમીક્ષા અને મંજૂરી NHS **સંશોધન નીતિશાસ્ત્ર સમિતિ દ્વારા આપવામાં આવી છે**. આ તમારી સલામતી, અધિકારો, સુખાકારી અને ગૌરવની સુરક્ષા માટે પ્રતિબદ્ધ લોકોનું એક સ્વતંત્ર જૂથ છે.

## તમે જે માહિતી આપો છો તેનું શું થશે?

માહિતીનો ઉપયોગ **માત્ર સંશોધન હેતુ**માટે જ થયો છે. તમારા સર્વેક્ષણના જવાબો અન્ય તમામ લોકોના જવાબો સાથે મૂકવામાં આવશે જેમનું ઇન્ટરવ્યુ લેવામાં આવ્યું છે અને UCL ડેટા સેફ હેવન, UK ડેટા સર્વિસ અને અન્ય સુરક્ષિત સંશોધન વાતાવરણ દ્વારા સંશોધન માટે સુરક્ષિત રીતે ઉપલબ્ધ કરાવવામાં આવશે. કેટલીકવાર આમાં માન્ય સંશોધન હેતુઓ માટે ડેટાનો ઉપયોગ કરતી વ્યાપારી સંસ્થાઓનો સમાવેશ થઈ શકે છે. આ સંશોધન ડેટામાં કોઈપણ નામ, સરનામાં અથવા અન્ય વ્યક્તિગત વિગતો શામેલ નથી કે જેનાથી અભ્યાસમાં વ્યક્તિઓને સીધી રીતે ઓળખી શકાય.

**તમારી અભ્યાસ માહિતીને અસંદિગ્ધ વિશ્વાસમાં લેવામાં આવે છે અને સુરક્ષિત રીતે રાખવામાં આવે છે**. તેનો ઉપયોગ જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (General Data Protection Regulation, GDPR) અનુસાર કરવામાં આવશે અને જ્યાં સુધી અભ્યાસ માટે જરૂરી ન હોય ત્યાં સુધી તેને જાળવી રાખવામાં આવશે. જનરેશન ન્યુ એરા તમારી માહિતીને સુરક્ષિત રાખવા માટે કડક સુરક્ષા નિયમો અને સુરક્ષિત સિસ્ટમ ધરાવે છે. તમે જે માહિતી આપો છો તે તમારા પરિવારના અન્ય સભ્યો અને તમે અથવા તમારું બાળક ઉપયોગ કરી શકે અથવા મેળવી શકે તેવા લાભોનું સંચાલન કરતી સેવાઓ પ્રદાન કરતી સંસ્થાઓ તરફથી સંપૂર્ણ રીતે ગોપનીય રાખવામાં આવશે.

ખૂબ જ અસાધારણ સંજોગોમાં તમારી ગોપનીયતા તૂટી શકે છે, ઉદાહરણ તરીકે, જો તમે અમને જે કહો તે કોઇ વ્યક્તિને નુકસાન થવાનું નોંધપાત્ર જોખમ છે તેવું સૂચવે છે.

## જો તમે ભાગ ન લેવાનું અથવા અભ્યાસમાંથી  પાછા ખસી જવાનું પસંદ કરો તો શું?

જો તમે ન ઇચ્છતા હોવ તો તમારે જનરેશન ન્યુ એરામાં ભાગ લેવાની જરૂર નથી, અને તમને કારણ આપ્યા વિના કોઈપણ તબક્કે સંશોધનમાંથી પાછા ખસી જવાનો અધિકાર છે.  જો તમે ખસી જાવ અથવા જો અમે તમારી સાથે સંપર્ક ગુમાવીએ, **તો અમે તમારી અભ્યાસ માહિતી, જાળવી રાખીશું અને સંશોધન માટે તેનો ઉપયોગ કરવાનું ચાલુ રાખીશું, સિવાય કે તમે અમને તે કરવાનું ના કહો.**

જો તમે ભાગ ન લેવાનું પસંદ કરો છો, તો કોણ ભાગ લે છે અને કોણ ભાગ નથી  લેતા તે સમજવા માટે અમે જન્મના રેકોર્ડમાંથી માહિતીનો ઉપયોગ કરીશું.

## અભ્યાસની માહિતી માટે કોણ જવાબદાર છે?

અભ્યાસ માટે ડેટા નિયંત્રક **યુનિવર્સિટી કોલેજ લંડન** (UCL)છે. તમારી માહિતીનો ઉપયોગ કરવા માટેનો UCLનો કાનૂની આધાર GDPR હેઠળ 'જાહેર હિતમાં કાર્ય' માટેનો છે.

ગોપનીયતા, ગુપ્તતા અને કાનૂની અધિકારો અને જવાબદારીઓ વિશે વધુ માહિતી જનરેશન ન્યુ એરા વેબસાઇટ પર ઉપલબ્ધ છે: gnestudy.info/privacy, જેમાં અભ્યાસની ગોપનીયતા સૂચના સામેલ છે.

જો તમે અભ્યાસ માટે તમારી વ્યક્તિગત માહિતીની પ્રક્રિયા કેવી રીતે થાય છે તે અંગે ચિંતિત હોવ તો તમે સંપર્ક કરી શકો છો:

UCL ડેટા પ્રોટેક્શન ઓફિસ: data-protection@ucl.ac.uk

માહિતી કમિશનરની કચેરી: ico.org.uk.

## જો જનરેશન ન્યુ એરામાં ભાગ લેવાથી તમારા જીવનમાં કોઈ બાબત વિશે તમે ચિંતિત છો તો શું?

અમે આશા રાખીએ છીએ કે તમને માતા-પિતા તરીકે તમારા અનુભવો શેર કરવામાં અને તમારા બાળક વિશેના પ્રશ્નોના જવાબ આપવામાં આનંદ થશે.  અભ્યાસમાં જોડાવાથી કોઈ નુકસાન થવું જોઈએ નહીં અને તે કોઈપણ સેવાઓ અથવા સંભાળને ક્યારેય અસર કરશે નહીં. પરંતુ જો તમારો ઇન્ટરવ્યુ તમને તમારા જીવનમાં જે કંઇ પણ થઈ રહ્યું છે તે વિશે ચિંતામાં મૂકે છે, તો એવી સંસ્થાઓ છે જેની સાથે તમે વાત કરી શકો છો.

માતા-પિતા માટે સામાન્ય સલાહ અને સમર્થન માટે:

**હોમ સ્ટાર્ટ:** home-start.org.uk, 0116 464 5490

પૈસાની સમસ્યાઓ વિશે સલાહ અને સમર્થન માટે:

**સિટિઝન્સ એડવાઈસ બ્યુરો:** cityadvice.org.uk

દુઃખ કે હતાશા અનુભવતા લોકો માટે ખાનગી મદદ.

**સમરિટન્સ:** samaritans.org, 116 123

આરોગ્યની ચિંતાઓ વિશે સલાહ માટે:  તમારા **સ્થાનિક GP અથવા આરોગ્ય મુલાકાતીનો સંપર્ક કરો**.

આધારના વધુ સ્ત્રોતો અભ્યાસ વેબસાઇટ પર મળી શકે છે.

## અભ્યાસ વિશે કોઈ પ્રશ્ન છે?

- 0800 151 0610 (લેન્ડલાઇન્સથી કૉલ્સ મફત છે પરંતુ મોબાઇલ ફોનના ખર્ચ અલગ  હોઈ શકે છે, તેથી કૃપા કરીને તમારા પ્રદાતા પાસેથી તપાસ કરો.)
- gnestudy@ipsos.com
- ફ્રીપોસ્ટ IPSOS GNE STUDY
- www.gnestudy.info
- @gnestudy